સાલ : ૧૮ / સિલસિલાવાર નંબર : ૧૬૧ / શુમારો : ૫ — بسم الله الرحمن الرحيم — કુલ પાના - ૧૬

مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. — રમઝાનુલ મોઅઝ્ઝમ - શવ્વાલુલ મુકર્રમ ૧૪૪૨ / મે - જૂન ૨૦૨૧

## અસ્હાબુલ જન્નત

અલ્લાહતઆલા કુરઆને હકીમમાં ફરમાવે છે કે, **"લા યસ્તવી અસ્હાબુન્નારે વ અસ્હાબુલ જન્નત - અસ્હાબુલ જન્નતે હોમુલ ફાએઝૂન"**, યાઅની કે નહીં બરાબર થાય જહન્નમવાલાઓ અને જન્નતવાલાઓ. જન્નતવાલાઓ તે સઘલા જીત હાસિલ કરનારાઓ છે. આ બયાન સૂરતુલ હશ્રમાં છે. રમઝાનુલ મોઅઝ્ઝમ મહીનાની તસ્બીહમાં હમેં પઢીએ છીએ કે, **"લાઇલાહા ઇલ્લલ્લાહ અસ્તગફેરૂલ્લાહ, અલ્લાહુમ્મા ઇન્ની અસ્અલોકલ જન્નતા વ અઊઝો બેકા મિનન્નાર"**. યાઅની, નથી કોઈ ખુદા મગર અલ્લાહ છે, હું અલ્લાહથી મગફેરત તલબ કરૂં છું. અય અલ્લાહતઆલા ! હું તારી બારગાહમાં જન્નતનો સવાલ કરૂં છું અને જહન્નમના અઝાબથી તારી ઠંડી પનાહમાં રહેવા માંગું છું.

હમેં મુમેનીન હમારા રબથી જન્નતનો સવાલ કરીએ છીએ. જન્નતીઓ - અસ્હાબુલ જન્નત બનવા હમેં ખ્વાસ્તગાર છીએ. કામિયાબી હમને મિલે તેની હમેં દિન-રાત ઉમ્મીદ રાખીએ છીએ. મગર આ ફઝીલતને હાસિલ કરવી, આ દરજા તક પહોંચવું, આ નેઅમત વાસ્તે મખ્સૂસ બનવું, ખૂબ જ દુશ્વાર કામ છે. પણ તેના વાસ્તે બિલકુલ નહીં જે **તકવાને, નૈકીને, નમનતાઇને અને ખિદમતને** પોતાની ઝિંદગીનો મકસદ સમઝે છે. જો હમારી ઝિંદગી આ ચાર ચીઝ પર મબ્ની હોય તો સમઝી લેજો કે, હમેં જન્નતના ઉમ્મીદવાર હોવાના બજાય જન્નત હમને ખુદની મુબારક ઝમીનમાં વસાવવા વાસ્તે બેતાબ હશે.

શહરૂલ્લાહિલ મુઅઝ્ઝમ હમારા વાસ્તે આ ચારે ચીઝોનો ખઝાનો લઈને આવે છે. આ મુબારક મહીનામાં કે, જેમાં હમેં હર ફરઝને બાકાયદા અદા કરીએ છીએ, જેહાદ કરીએ છીએ, જાનો જિસ્મને ઈબાદતમાં મશગૂલ કરીએ છીએ, હરએક તરહની નાપાકીને દૂર કરીએ છીએ, તેમાં હમારા પરહૈઝગારી અને નૈકોકારી ઊરૂજ અને ટોચ પર હોય છે. **આ તમામનું મરકઝ અઅમાલે શહરૂલ્લાહ હોય છે, જેની તરતીબ હમને દોઆતે હક્ક (રિ.અ.) થી હાસિલ થયેલી છે.** સદીઓથી હમેં આ આઅમાલે રમઝાનીયહ પર ગામઝન છે, ચાલીએ છીએ. દાઈયુલ્લાહિલ અમીન (ત.ઉ.શ.) ની રઝા અને મોહબ્બત, કુલ આઅમાલની જાન છે અને આપની હિદાયતથી આ મહીનાની રોનકનો સરઅંજામ છે.

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ને પૂછવામાં આવું કે, અય મૌલા ! આપના શીઆ અને મોહિબ્બની શું નિશાનીઓ છે ? આપે ફરમાવું કે, " મારો મોહિબ્બ નમાઝનો પાબંદ હશે, રોઝાનો રાખનાર હશે, મારા ફરઝંદોની માઅરેફત કરનાર હશે, મારા દુશ્મનોથી મૂઁહ ફિરાવનાર હશે, રાતે ઉઠીને નમાઝ પઢનાર હશે, એના માલમાંથી હક્ક મુજબ મને ઝકાત આપનાર હશે, જિસ્મના હલકા અને અમલના રોશન હશે, **રોઝી વાસ્તે ઝમીનથી વાબિસ્તા અને દોઆ વાસ્તે આસ્માનથી વાબિસ્તા હશે.**" આપ મૌલાના આ કલામ એટલા કાફી-શાફી છે કે,જો હમેં આપની નસીહત અને શીઅયાનની નિશાનીઓ પર અમલ કરીએ તો બિલાશક જન્નતીઓના ઈઝ્ઝતદાર ઝુમ્રામાં શુમાર થઈ જઈએ.

(બકીયાહ પેજ નં. ૨ પર)

**હમેશા બીમાર રહેવું, તે ઈન્સાન વાસ્તે ખૂબ બુરૂં છે.**

(પેજ નં. ૧ નું બાકી)

જેમ આગલ ઝિક્ર થઈ કે, અલ્લાહતઆલા ફરમાવે છે કે, **"અસ્હાબુલ જન્નતે હોમુલ ફાએઝૂન,"** અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) આપની હદીસે શરીફહમાં ફરમાવે છે કે, **"શીઅતો અલીયિન હોમુલ ફાએઝૂન"**, તો સાબિત એમ થાય છે કે, મૌ.અલીના શીઆ તે જ અસ્હાબુલ જન્નત છે. નબી સાહેબે આ આયતની તિલાવત કીધી અને ફરમાવું કે, "અસ્હાબુલ જન્નત તે છે કે, જે મારી ઈતાઅત કરે અને **મૌ.અલી બિન અબી તાલિબ ને મારા બાદ તસ્લીમો કુબૂલ કરે.** એમની વલાયત, વસાયત અને મવદ્દતનો ઈકરાર કરે. અસ્હાબુન્નાર તે છે કે, જે મારા કૌલ પર ના ચાલે, મૌ.અલી ને આપેલા અહદો મીસાક પર ના ચાલે, મારી આલ મારા અલી થી છે તે ના માને અને મારા બાદ મારા અલી સાથે જંગ કરે. બેશક ! કામિયાબી, અસ્હાબુલ જન્નત વાસ્તે છે, જે જન્નતીઓ છે અને તેઓ મૌ.અલીના હકીકી શીઅયાન છે.

જે મુજબ રમઝાનુલ મોઅઝ્ઝમ મહીનાના તમામ આઅમાલ શરીઅતના અરકાનને, હજ્જ સિવાય ઘેરી લે છે તે મુજબ ઈમામુઝ્ઝમાન (અ.સ.) ની ઈમામતનો બલંદપાયા દરજો દાઅવતે હક્કના તમામ દરજાઓને ઘેરી લે છે. આપ મૌલા અને આપના નાઈબ દાઈયુઝ્ઝમાન (ત.ઉ.શ.) ની માઅરેફતથી જ શહરૂલ્લાહની ઈબાદતની ઈબ્તેદા થાય છે અને તેનાથી જ આ મહીનાની ઈન્તેહા ઈદુલ ફિત્ર પર થાય છે. પૂરા શહરૂલ્લાહ આપ મૌલાની નૂરાનીયત અને રૂહાનીયતથી ભરેલા છે. આપની રઝા નું નૂર અને રૂહ મુમિન-મુખ્લિસના હર નાના-મોટા અમલમાં દાખિલ થાય છે. આનાથી જ અલ્લાહતઆલાની બારગાહે રબ્બાનીમાં હમારા આઅમાલે સાલેહાત કાબિલે મકબૂલ છે.

શહરૂલ્લાહની કામિયાબી હમને ઝરૂર અસ્હાબુલ જન્નતના ઝુમરા તરફ જાવાની સીડી ચઢવામાં નુસરતો મદદ કરશે, કેમકે, હમેં શીઅયાન જ આ મહીનાના દિલ લયલતુલ કદ્રની માઅરેફત કરી શકીએ છીએ. ✯

## મૌ. ફાતેમા (અ.સ.) અને ઝઈફા બૈરો

આ રિવાયત અને કિસ્સો માલિક બિન દીનાર બયાન કરે છે. માલિક કહે છે કે, અલ્લાહતઆલાએ મને દૌલતથી નવાઝો તો હજ્જનો ફરીઝો અદા કરવાને હું મારા વતનથી મક્કા જાવા નિકલો. દરમિયાને સફર મંઝિલ કરતા કરતા એક બીજો કાફલો હમારા કાફલા સાથે જોડાઈ ગયો. તેમાં હર તરહના લોગો હતા, બચ્ચાંથી લઈને ઝઈફો.

મૈં જોયું કે એક ઝઈફ કમ્ઝોર બૈરો આહિસ્તા-આહિસ્તા ચાલી રહ્યા છે. એના સાથે એક દુબલો ઊંટ છે. કોઈ વક્ત બૈરો તેના ઉપર સવાર થાય છે અને કોઈવાર તેના સાથે સાથે ચાલે છે. આમ કરવાના સબબ, બૈરો કાફલાથી પાછલ રહી જાય છે અને બીજા લોગો શિતાબીથી આગલ વધી જાય છે. **આ જોઇને મને બૈરો પર રહેમ આવો અને મૈં ખુદ તેના સાથે થઇ ગયો.** જે વકત જંગલના દરમિયાનથી કાફલો ગુઝરો તે વક્ત બૈરો એના ઊંટ સાથે અટકી ગયા. ઊંટ ઝમીન પર બેસી ગયો. મૈં ખૂબ કોશિશ કીધી મગર હમેં કાફલાથી છુટા પડી ગયા. ઝઈફા રોવા લાગા અને નાઉમ્મીદી ઝાહિર કરવા લાગા. મૈં બૈરોને તન્હા ના છોડા.

બૈરોએ મસલ્લો બિછાવો અને બેવે હાથને આસ્માન તરફ ઊંચા કરીને દોઆ કીધી કે, "અય પરવરદિગાર ! મારી લાજ હવે તારા હાથમાં છે. તુંએ ન તો મને મારા ઘરમાં મુકી ન તો તારા ઘર તરફ જાવાના અસ્બાબ ખોલા. તારી ઈઝ્ઝત અને તારા જલાલના કસમ ! તારા સિવાય કોઈ નથી જે મારા હાલાતથી વાકિફ છે. તારી હિકમતથી હું આ જંગલ બયાબાનમાં લાચાર છું. તારા તરફ નહીં તો હું કોની તરફ શિક્વા કરૂં ! આ મારી મુશ્કિલથી છોડાવનાર તારા સિવાય બીજું કોઈ નથી.

(બકીયાહ પેજ નં. ૧૦ પર)

**ઝઈફી સાથે ફકીરી આવવી, તે ઈન્સાન વાસ્તે ખૂબ બુરૂં છે.**

## જમવાના આદાબ

ઈન્સાનની હાજિતો આ ત્રણ ચીઝોને ઈર્દ-ગિર્દ ફિરે છે. તે છે જમન, લિબાસ, મકાન. હમેં ઈન્સાન હોવાના નાતે હમારો ઘણો વક્ત આ ચીઝોમાં સર્ફ કરીએ છીએ. હમેં એમ કોશિશ કરીએ છીએ કે, હમારી ઝિંદગી બાસુકૂન, ઈત્મિનાન-બખ્શ, આઅલા મેઅયારથી ગુઝરે. હમેં આ વાસ્તે બીજા ઉપર ફખર ખાઈએ છીએ અને આ ત્રણ ચીઝોને દૌલતના ઈઝહાર વાસ્તે ઈસ્તેમાલ કરીએ છીએ.

લિબાસ અને મકાન ખરીદવા જે વક્ત હમેં બાઝારમાં જઈએ છીએ તો ગહેરાઈથી તફતીશો તલાશ કરીએ છીએ. લિબાસના રંગ, બનાવટ, ડીઝાઈન, માપ, મઝબૂતાઈ, સિલાઈ વગૈરહ બારીકાઈથી જોઈએ છીએ પછી જ જે પસંદ પડે તેને હમેં ખરીદ કરતા હોઈએ છીએ. એ જ મુજબ મકાનનો હિસાબ છે. મકાન વાસ્તે તેનો ઈલાકો, કીમત, બનાવટ, એરીયા, ઈન્ટીરીયર, કંપાઉન્ડ, રોડ, પાડોશી, હવા-ઉજાસ વગૈરહની તપાસ હમેં કરીએ છીએ અને સુકૂને કલ્બ થાય તો જ તે ખરીદીએ છીએ.

તો પછી, જમન વાસ્તે હમેં કઈ તરહનો એહતેમામ કરી શકીએ છીએ. **જમન-તઆમ હમારી ઝિંદગીનો અહમ અને અતૂટ અંગ છે.** તેનાથી જિસ્માની નફસાની તરક્કી હાસિલ થાય છે. તેનું હલાલ હોવું અને તાઝા હોવું ઝરૂરી છે. જેવું પણ જમન હોય, અલ્લાહનો શુક્ર વાજિબ છે. હમારી શરીઅતમાં જમન વાસ્તે ખાસ અદબો આવેલી છે. તેના પર ચાલવું હર મુમિન અને એના ઘરવાલા પર લાઝિમ છે. તે અદબોમાં ફરઝો, સુન્નતો અને તતવ્વોઆત શામિલ છે. આ તરહના લેહાઝથી હમેં જમનનો પૂરો હક્ક અદા કરી શકીએ છીએ. જમન જમવું અને જમાડવું અલ્લાહ તરફથી સવાબ હાસિલ કરવાનો બહેતરીન રસ્તો છે.

આ અદબો નીચે મુજબ છે :

**- ફરઝો :**

(૧) જમનના શુરૂમાં "બિસ્મિલ્લાહ" નું બોલવું.
(૨) આખિરમાં "અલ-હમ્દો લિલ્લાહ" નું બોલવું.
(૩) નમક ચાખવાથી જમન શુરૂ કરવું.
(૪) એ જ મુજબ નમકથી જમનને પૂરૂં કરવું.

**- સુન્નતો :**

(૧) જમવા પહેલા બેવે હાથોનું ધોવું.
(૨) જમન જમી રહ્યા બાદ એ જ મુજબ ધોવું.
(૩) નાના-નાના જમનના લુકમા-નિવાલા લેવા.
(૪) જમનને બરાબર આહિસ્તાથી ચાવીને જમવું.

**- તતવ્વોઆત :**

(૧) પેટ ભરીને ના જમવું.
(૨) જમવાના દરમિયાન પાની ના પીવું.
(૩) જે પોતાના નઝદીક હોય તે જ જમવું.
(૪) જમવામાં બીજાને સાથ આપવો અને ઘડી-ઘડી જમતી વક્ત બીજાના જમવા તરફ ના જોવું. ☆

**મૌત કરીબ હોય અને બુરાઈ પર રહેવું, તે ઈન્સાન વાસ્તે ખૂબ બુરૂં છે.**

## દરસે કુરઆને કરીમ

### સૂરતુલ બકરહ : આયત : ૨૯ અને ૩૦

**આયત ૨૯ :**

તે અલ્લાહતઆલા એ જ તો છે જેએ પૈદા કીધી તમારા વાસ્તે તે તમામ ચીઝને જે ઝમીનમાં છે. તે પછી તવજ્જોહ કીધો આસ્માનની તરફ અને તેને બરાબર સાત આસ્માન બનાવા અને તે અલ્લાહ હર ચીઝને જાણે છે.

શરીઅતની નેઅમતો અઝીમ-આઅલા છે. તેને વુજૂદમાં લાવનાર ખાલિકે અકબર છે. મખ્લૂકાતમાં ફક્ત ઈન્સાન વાસ્તે આ નેઅમતો મોહય્યા છે. ઈન્સાન જો અગર આકિલ હોય અને એ આ નેઅમતોનો બરાબર હક્ક અદા કરે તો એ ઝરૂર એની મંઝિલે મકસૂદ-જન્નત તરફ પહોંચી શકે છે. **શરીઅત એક ઝરખેઝ, ઉપજાવ અને ખેતી લાયક બહેતરીન ઝમીન છે.** ફસલ-પાક ઉગાવવાના કાનૂન, મહેનત, મઝદૂરી, દુરંદેશી, બંદોબસ્ત અને મૌસમની બરાબર જાણકારી હોય તો નતીજા બહેતર આવી શકે છે, મહેનત રંગ લાવી શકે છે, ઉપજથી માલી ફાયદો હાસિલ થઈ શકે છે. જો આ ફસલ, શરીઅતની ઝમીન પર અમલ-ઈબાદતની હોય અને મુમિન તકેદારી રાખીને મહેનત કરે તો શરીઅતના હર ફરમાનો હિદાયતથી એ નફસાની ફાયદો લઈ શકે છે.

શરીઅતની બુનિયાદ તો એક જ છે અને તે અલ્લાહતઆલાની વહેદાનીયતની દાઅવત છે. **સિરાતે મુસ્તકીમ તે દાઅવતનો રસ્તો છે.** આ રસ્તો રૂહાની છે. આ રસ્તા વાસ્તે અલ્લાહતઆલાએ ૭ આસ્માનો બનાવેલા છે. યાઅની કે, શરીઅતની ઝમીનને સાચવવા વાસ્તે અલ્લાહતઆલાએ ૭ આસ્માન જેમ ૭ નોતકા-અંબિયાને મોકલેલા છે. આ ૭ સાહેબોએ પોત-પોતાના દૌરમાં મુમેનીન આ ઈમાની ઝમીન પર બરાબર અમલ કરે અને નેઅમતોનો શુક્ર કરે તે વાસ્તે ભારી મીસાક લીધો છે. તમામની દાઅવત એક છે અને તેના તરફ જાવાનો રસ્તો-સિરાતે મુસ્તકીમ આ ૭ સાહેબોના ઝરીએ જોડાયેલો છે.

**આયત ૩૦ :**

અને જે વક્ત તમારા રબએ ફરિશ્તાઓને કહ્યું કે, હું એક ખલીફા-નાઈબને ઝમીન પર બનાવનાર છું, તો એ સઘલા બોલા કે, તું શું કરીશ તે ઝમીનમાં એ શખ્સને કે, જે તેમાં બિગાડ પૈદા કરે અને ખૂન વહાવે. આ વાતના સાથે કે, હમેં તારી હમ્દો સના કરીએ છીએ અને તારી પાક ઝાતને યાદ કરીએ છીએ. અલ્લાહતઆલાએ ફરમાવું કે, હું જાણું છું તેને કે, જેને તમેં નથી જાણતા.

ખાલિકના ખલીફા મખ્લૂક વાસ્તે હોવા ઝરૂરી છે. હર વક્તમાં આ કાનૂન લાગુ પડે છે. હાદી-દાઈ બગૈર અલ્લાહતઆલા કોઈ ઉમ્મતને તેના હાલ પર છોડતો નથી. ઉમ્મતના હાથમાં બિલકુલ નથી કે, પોતાના હાદીને ખુદ મુકર્રર કરે. જો આમ હોય તો લાખો લોગો હાદી હોવાનો દાઅવો કરે. **દુનિયાદારી, લાલચ, ફરૈબ, જૂઠ, બનાવટ, દૌલત, હસદના** સબબ એકથી વધારે હાદી જે અલ્લાહતઆલા તરફથી ના હોય, એ કૌમને તહેસ-નહેસ અને બરબાદ કરી દે.

મૌ.આદમ સફીયુલ્લાહ (અ.સ.) રૂહાની આલમમાં ફરિશ્તાઓના દરમિયાન અલ્લાહતઆલા તરફથી ખલીફા કાઈમ થયા. રહેમત, નૂર, ઈલ્મ, કુદરત, હયાત, માઅરેફતના સબબ મૌ.આદમ (અ.સ.) નસ્સના માલિક થયા. આપ જે મુજબ ઈલાહી ફરમાનથી કાઈમ થયા તે મુજબ આપના બાદ આવનાર તમામ દોઆત-હોદાત-રોઆત જે ઉમ્મતના લોગોને સહીહ રાહ પર ચલાવે, હઁકે અને બોલાવે, તે તમામ પણ નસ્સથી કાઈમ થયા. આ ઈખ્તિયાર લોગોના હાથમાં ન હતો અને ન હોવો જોઈએ. જે લોગો આ ઈલાહી કાનૂનને ભુલી ગયા અને પોતાના મનપસંદ સરદારોને ચુની લીધા, તે તમામ ગુમ્રાહ થઈ ગયા.

(બકીયાહ પેજ નં. ૭ પર)

**નિકાહશુદા હોય ને ઝિના કરવું, તે ઈન્સાન વાસ્તે ખૂબ બુરૂં છે.**

# અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૧૯
## અલવી અકીદાઓ - અકીદો - ૨૮ અને ૨૯

**મુકદ્દેમો - પ્રસ્તાવના :**

ઈસ્લામી તારીખ લખનારાઓની આ મુજબની હયરતઅંગૈઝ સૂરતે હાલ હોય અને દાઅવતે હાદીયહ ફાતેમીયહ તૈયેબીયહના ખિલાફ તેઓના દિલોમાં બુગ્ઝો ઈનાદ અને અદાવતો હસદની આગ સિલગતી હોય, એવા નાઝુક દૌરમાં દોઆતે કિરામ (રિ.અ.) પર સતરમાં પધારેલા ઈમામે હક્કની હસ્તી, સદાકત, સાચા અકીદા અને તેને લગતા અસલો ઊસૂલને લોગો દરમિયાન જણાવવાની, ફેલાવવાની, સમઝાવવાની, નશરો ઈશાઅત કરવાની ઘણી મોટી ઝિમ્મેદારી આવી ગઈ હતી. જલ્દબાઝીમાં નહીં મગર આ અઝીમ ઝિમ્મેદારીને હુશિયારીથી, કુનેહથી આકિલાના-હકીમાના અંદાઝથી અદા કરવાની ઝરૂરત હતી. જેથી હક્કના લોગોને, તેઓના ઈમાનની બુનિયાદને મઝબૂતી મિલે અને બાતિલના ફિત્નાપરવર લોગોને મૂઁહતોડ જવાબ મિલે, તેઓના ઈરાદા પસ્ત થાય અને કમર તૂટી જાય.

આ પુર-ઈમ્તેહાન કશીદા મોડ પર યમનમાં હુજ્જતે ઈમામે ફાતેમી મૌ.હુર્રતુલ મલેકહ (રિ.અ.) ના ઈરશાદો ફરમાનથી આપના હમઝમાન અને હમઅસ્ર જે દોઆત આપના નઝદીક દાઅવતની ખિદમતમાં હતા અને હર વક્ત આપથી ઈલ્મી-અમલી ફૈઝ અને ફાયદો હાસિલ કરતા હતા, એ તમામ એકબીજાના તઆવુનથી દાઅવતે હાદીયહના **ઊમૂર, ઊસૂલ અને ઊલૂમ**ની પાકીઝા નહેરો જારી કરવાનો બેડો હાથમાં લઈ લીધો. યમનમાં હમારી દાઅવતે હક્ક કે જે હુસૈનીયહ છે, અલવીયહ છે, તેની બુનિયાદની સનદ-અસલ વસીએ મુસ્તફા મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) તક પહોંચે છે કે, જેની ઝિક્ર હમેં **" અસ્હાબુલ યમીન "** નામની કિતાબમાં કરી ચુકા છે.

બીજી સદી હિજરીમાં ત્રણ મસ્તૂરીન ઈમામોના ઝમાનમાં પણ યમનમાં ઈલ્મી સરગરમીઓનું બાઝાર તૈઝ હતું. ૧૧ માં ઈમામે ફાતેમી મૌ.મહેદી (અ.સ.) ના ઝમાનમાં તો યમન, દાઅવતના ૧૨ જઝીરાઓ માંથી એક આઅલા જઝીરો તરીકે ગિન્તીમાં આવી ચુકો હતો. ૧૮ માં ઈમામે ફાતેમી મૌ. મુસ્તનસિર બિલ્લાહ (અ.સ.) ના ઝમાનએ મુબારકમાં જઝીરએ યમન દાઅવતે હાદીયહના મરકઝો માંથી ઓલમા-ફોકહા, હોકમા-ખાલસા (ઈલ્મના તલબગારો) ની એક બેનઝીર દરસગાહ-તાલીમગાહ-મદરસો ઉભરીને મશ્હૂર થયો હતો.

આ જ ઝમાનમાં ઈમામે હક્કના બાબ-દરવાઝા મૌ.અલ-મુઐયદ શીરાઝી (રિ.અ.) ની હઝરતે નૂરાનીયહમાં મિસિરમાં યમનથી સૈ.લમક બિન માલિક (રિ.અ.) પધારા હતા અને દાઅવતે હક્કનું આઅલા પયમાનાનું ઈલ્મ હાસિલ કીધું હતું. આ વાકેઓ અખ્બારના કિતાબોમાં તફસીલવાર લિખવામાં આવો છે. મૌ.અશ-શીરાઝીએ સૈ.લમકને જે વક્ત યમન પાછા રવાના કીધા તો આપ પર યમનના બીજા સાહેબોની **તાઅલીમો તરબીયતની અહમ ઝિમ્મેદારી સોંપી હતી.** લેહાઝા, આપે આપના ફરઝંદ સૈ.યાહયા, સૈ.મોહંમદ બિન તાહેર, સૈ.ઝોએબ બિન મૂસા, સૈ.અલ-ખત્તાબ બિન હસન, સૈ.ઈબ્રાહીમ બિન હુસૈન અને સૈ.ઈબ્રાહીમ બિન અબી સલમહને આપના ઝૈરે સાયા દાઅવતના ઊલૂમો ફુનૂનમાં તૈયાર કીધા. આ તરહ દાઅવતે હક્કના ઊલૂમની બાબરકત નહેરો કાહેરતુલ મુઈઝઝીયહ (મિસિર) યાઅની ઈમામે ફાતેમીના ગહેવારામાંથી યમની દોઆતના જઝીરા તરફ જારી થઈ. જે જગા પર વરસો પહેલા મૌ. અલીની દાઅવતની બરકતના સબબ **હિકમતો હિદાયતના મુબારક બીજ** દોઆતે બલાગના દસ્તે મયમૂન પર -- યમનની ઝરખૈઝ ઝમીનમાં નાંખવામાં આવા હતા. તે ઈલ્મો ઈરફાનના પાક પાનીથી ફલદાર દરખ્તો અને ફાયદામંદ ફસલો ઊગી નિકલી અને યમનમાં દાઅવતે હક્કના અલવી ગુલિસ્તાનમાં અઝ-સરે-નૌ બહારની મૌસમની ઈબ્તેદા થઈ.

(બકીયાહ પેજ નં. ૬ પર)

**મુલાઝિમ હોય ને ખયાનત કરવી, તે ઈન્સાન વાસ્તે ખૂબ બુરૂં છે.**

(પેજ નં. ૫ નું બાકી)

**અકીદો - ૨૮ : ઇન્સાની આલમમાં નુબૂવતનો દરજો તમામથી બલંદ છે.**

નુબૂવત અને રિસાલતમાં હમારો એ અકીદો છે કે, આલમે બશરીમાં, આલમે ઈન્સાનીમાં તેનાથી બીજો કોઈ બલંદ દરજો નથી. આ તમામથી ઉપર અને ઊંચો છે અને કોઈ ઈન્સાની કમાલ આનાથી વધીને નથી. નબીના ઈલ્મના ઈહાતાથી કોઈ ચીઝ ખારિજ નથી, કેમકે, નબી જ એના દૌરના લોગોની નજાત અને શફાઅતનો સામાન છે. આસ્માનોના નૈક સિતારા અને તેની તાસીરો જે ઝમીન પર નાઝિલ થાય છે અને નૂરાની-રૂહાની શખ્સીયતો, તમામ નબીની ખિદમતમાં લાગેલા હોય છે. **કાએનાત, એના વાસ્તે અને એના સામે એક ખુલ્લી કિતાબ છે.** એની નઝર તૈઝ હોય છે, તેથી કોઈ ચીઝ એનાથી છુપી રહી શકતી નથી. એના ઈલ્મનો ઈહાતો-ઘેરાવ કુલ્લી અને કામિલ હોય છે. તેમાં એક ઝર્રાની કમી-કુસૂર હોતો નથી.

શરીઅતના કાનૂન-અહેકામ તેમજ હલાલ-હરામ (માઅરૂફ-મુન્કર) એના દૌરના લેહાઝથી મુકમ્મલ હોય છે, એમાં કોઈ કિસ્મનો ઐબ-નુક્સ હોતો નથી. વક્ત અને ઝમાનાના તકાઝા મુજબ નબી જે ચીઝ લોગોને દરમિયાન લાવે છે યા એના નાઝિલશુદા કિતાબમાં હોય છે તે મુકમ્મલ હોય છે, જેમાં કોઈ રદ્દો બદલ, કમી, ઈઝાફો યા બહેતરી લાવવાની ગુંજાઈશ રહેતી નથી. એનો કૌલ કામિલ હોય છે, ખલલ બગૈરનો હોય છે. એના કલામ રદ થઈ શકતા નથી. તેથી રસૂલ યા નબી હર લેહાઝથી પોતાની ઉમ્મતને દરમિયાન ઈન્સાને કામિલ હોય છે.

**અકીદો - ૨૯ : આખિરૂન્નબીયીન મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) બીજા તમામ રસૂલોથી આઅલા-અફઝલ છે.**

હમારા આ અકીદા વાસ્તે અલ્લાહતઆલાએ ૬ વજેહ બયાન ફરમાવેલી છે :

(૧) **પહેલી વજેહ** તે છે કે, અલ્લાહતઆલાએ બીજા અંબિયાને કુરઆને કરીમમાં તેઓના નામથી ખિતાબ કીધેલો છે, યાઅની, “યા આદમ”, “યા નૂહ”, “યા ઈબ્રાહીમ” વગૈરહ કહીને પુકારેલા છે. મગર રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને “યા અય્યોહર્રસૂલ” યા “યા અય્યોહન્નબી” ના અઝીમ લકબથી ખિતાબ કીધો છે.

(૨) **બીજી વજેહ** તે છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) સિવાય બીજા અંબિયાની મોહબ્બત-ખિદમતનો અજરો સવાબ અદા કરવા ફક્ત અલ્લાહતઆલાએ પોતે ઝિમ્મેદારી લીધેલી છે. તે તેના વાઅદાથી કોઈ વક્ત ખિલાફ થાતો નથી. પણ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની રિસાલતમાં યકીન રાખવાનો અજર આપ નબી સાહેબના અહલુલ બૈત (અ.સ.) ની મોહબ્બતો ઉલ્ફત રાખવા સાથે જોડી દીધો છે. કુરઆને કરીમમાં આ વાસ્તે આયત છે કે, “**કુલ લા અસઅલોકુમ અલયહે અજરન ઇલ્લલ મવદ્દતા ફિલ કુરબા**”, યાઅની, “અય રસૂલ ! તમેં ઉમ્મતના લોગોને કહી દો કે, મારી રિસાલતને કુબૂલ કરવાના એવઝમાં હું તમારાથી કોઈ બીજી ચીઝની માંગની કરતો નથી, પણ મારા અહલુલ બૈત (અ.સ.) સાથે મવદ્દત-મોહબ્બત રાખો.” યહાઁ, નબી સાહેબના ઘરના લોગોની મોહબ્બતને અજરે રિસાલતનો સબબ અલ્લાહએ બનાવો છે. મગર આપ સિવાય બીજા અંબિયાની રિસાલત વાસ્તે આયતે શરીફહ છે કે, “**ઇન અજરિયા ઇલ્લા અલલ્લાહ**”, યાઅની, “અલ્લાહ જ મને અજરે રિસાલત આપશે.”

(૩) **તીસરી વજેહ** તે છે કે, અલ્લાહતઆલાએ અંબિયા ઉપર સલામ બોલા તો નામ લઈને બોલા છે, જેમકે, “સલામુન અલા નૂહિન ફિલ આલમીન”, યા “સલામુન અલા ઈબ્રાહીમ”. પણ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પર અને આપના અહલુલ બૈત પર સલામ પઢા તો ફરમાવું કે, “**યાસીન, વલ કુરઆનિલ હકીમ**”, જેમાં યાસીન એ આપ નબી સાહેબ છે. બીજી આયતમાં ફરમાવું કે, “સલામુન અલા આલે યાસીન”, જેમાં આપના અહલુલ બૈત પર સલામ છે. દીગર જગાઓ પર અલ્લાહતઆલા આલે ઈબ્રાહીમ અને આલે ઈમરાન પર સલવાત પઢે છે, જે એક વજેહમાં આલે મોહંમદ (સ.અ.) જ છે.

(બકીયાહ પેજ નં. ૭ પર)

**જવાન હોય ને ફજરમાં સુઈ રહેવું, તે ઈન્સાન વાસ્તે ખૂબ બુરૂં છે.**

(પેજ નં. ૬ નું બાકી)

(૪) **ચોથી વજેહ** તે છે કે, અલ્લાહતઆલાએ આપની શરીઅતને હમૈશગી અને અબદીયત બખ્શેલી છે. કોઈ બીજા નબી (નાસિખ) તેને માંજી શકશે નહીં, મિટાવી શકશે નહીં. આપના વસીની નસલે મુબારકમાં ઈમામતને બાકી રાખી છે, જે શરફ કોઈ નબીને બખ્શો નથી. **આપની આલ જ અસ્લી અને સાચી શરીઅતના મુહાફિઝ છે,** યાઅની કે શરીઅતની બકા અને હિફાઝત આપની નસલમાં કેયામતના દિન તક ઈમામતની બકા અને તેના કાઈમ રહેવાની છે.

(૫) **પાઁચમી વજેહ** તે છે કે, અલ્લાહતઆલાએ આપને પૂરી મખ્લૂકમાં શફાઅતનો હક્ક અતા કીધો છે, જે કોઈ બીજા નબીને આપો નથી. આપના હાથ પર મહેશરમાં તમામ ઉમ્મતોની શફાઅત થાશે.

(૬) **છટ્ઠી વજેહ** તે છે કે, આપ સિવાય બીજા નબીઓએ ઝાહિર કીધેલા મોઅજિઝાઓ ફક્ત તેઓની ઝાતથી જ વાબિસ્તા હતા. મુખ્તલિફ દૌરના કાફિરોએ અપના-અપના મુતાલેબા અને માંગની મુજબ મોઅજિઝાત જોયા, તે પછી ખત્મ થઈ ગયા. પણ આપ નબી સાહેબના મોઅજિઝાત અબદી-અઝલી હમેશા વાસ્તે બાકી રહેશે અને તેમાં આઅલા-અફઝલ કુરઆને કરીમ છે. આ એક એવો ઝિંદા મોઅજિઝો છે કે, ઝમાનાવાલાઓએ પોતાના ઝબાનની હુશિયારી-ફસાહત-શીરીનીના બેશુમાર દાઅવા કીધા બાદ પણ કુરઆન જેવી એક આયત પણ લાવી ના શકા.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઈન્તેકાલ બાદ કુરઆને હકીમના ઊલૂમ-ફુનૂનનો એ મોઅજિઝો છે કે, આજના ઝમાનમાં સાયન્સ, ફલસફો, તરહ-તરહની ખોજ, ઈન્સાની અને જહાનની તખ્લીકમાં તફતીશ, બહેસ, રિસર્ચમાં ઈન્તેહાઈ તરક્કી બાદ પણ આજનો ઈન્સાન **કુરઆનના તસવ્વુરાત, નઝરીયાત, વિચારો અને સચ્ચાઇને** ઝુઠલાવી શકતો નથી. બલકે, કદમ-કદમ પર, મૌકા-દર -મૌકા થાતા મુખ્તલિફ ઈન્કેશાફાત-ડિસ્કવરી, કુરઆનની હક્કાનીયત પર તસ્દીક કરવા પર કાફિરોને મજબૂર કરે છે. બિલા શક ! આ કુરઆની મોઅજિઝો આખિરી કેયામતના મૌ. કાઈમ (અ.સ.) ના આવવા તક બાકી રહેશે, જે વક્ત આ જહાનવાલાઓને તેઓના આઅમાલ-કિરદારની જઝા યા સઝા આપવામાં આવશે. ☆

---

(પેજ નં. ૪ નું બાકી)

નસ્સ કરવામાં કોઈ બશર-ઈન્સાનનો કોઈ ઈખ્તિયાર કે દખલગીરી હોતી નથી. ગુઝરનાર નસ્સના સાહેબ જ જાણે કે એની જગાને કાબિલ કૌન સાહેબ છે. નસ્સ કીધા બગૈર નસ્સના સાહેબ ઈન્તેકાલ કરતા નથી. જે લોગોનો ગિરોહ મનમાની કરીને, ઝબરદસ્તી કરીને, ઝુલ્મ કરીને, હક્કના સાહેબની નાફરમાની કરીને પોતે બનાવટી-ખોટા શખ્સને જૂઠી નસ્સથી પોતાનો સરદાર ઝાહિર કરી દે, **તો તે ગિરોહ તેની અસલીયત પર બાકી રહેતો નથી.** રસૂલુલ્લાહ બાવાજીને ખબર હતી કે, આપના બાદ નસ્સના સાહેબ મારા દિલબંદ મૌ.અલી જ છે. જે લોગોએ ગદીરે ખુમ્મની નસ્સ-ખલીફાનો ઈકરાર ના કીધો અને મૌ.અલી ને મૌલા કુબૂલ ના કીધા, તેઓ **અસલી ઇલ્મો અમલથી જુદા થઇ ગયા.**

વસાયત અને ઈમામતનો લફ્ઝ ખિલાફત પર ભારી છે. કેમકે, આ બેવે લફઝ પોતાના માં ખિલાફતને સમાવી લે છે. મૌ.અલી, રસૂલુલ્લાહ બાવાજી બાદ વસાયતના રૂત્બા પર રહીને વસી બના, તો આપનામાં ખિલાફત શામિલ જ છે. એ જ મુજબ મૌ.અલી બાદ મૌ.ઈમામ હસન ઈમામતના રૂત્બા પર રહીને ઈમામ બના, તો આપનામાં ખિલાફત શામિલ જ છે. કુરઆને કરીમની સનદથી જે જે સાહેબો વાસ્તે ખિલાફતનું બયાન આવું છે, તે મૌ.આદમ, મૌ.હારૂન અને મૌ.દાઊદ (અ.સ.) છે. અલ્લાહતઆલાએ ખિલાફતના ઝરીએ આ સાહેબોને લોગોના દરમિયાન એક ખાસ મકસદના માતહત કાઈમ કીધા. અલ્લાહતઆલાની ઈબાદત અને ઝિક્ર મુકીને બીજા બુતોને લોગો પૂજતા ના થઈ જાય તે વાસ્તે ખલીફતુર્રહમાને હાદીનો કિરદાર અદા કીધો કે, જે ખૂબ સાદગીથી લોગોને હક્ક તરફ બોલાવતા રહ્યા અને બાતિલથી ડરાવતા રહ્યા. ☆

**બુઝુર્ગી સાથે ઘરવાલાને નસીહત ન કરવી, તે ઈન્સાન વાસ્તે ખૂબ બુરૂં છે.**

## લફ્ઝી કશ-મ-કશ

**✵ ઉભી તરકીબ :**

૧) અલ્લાહતઆલાએ તમામ ચીઝોની ઝિક્ર કુરઆને કરીમમાં કીધેલી છે, પછી તે ખુશ્કીમાં હોય યા ------ માં હોય. (૨)

૨) કોઈની શું ------ કે શરીઅતના હલાલો હરામમાં ઊંચ-નીંચ કરી શકે !! (૩)

૩) "અબ્બાસ" ના લફ્ઝે મુબારકમાં કોઇ ઝેર નથી, તમામ ------ છે. (૩)

૭) અપના કોઇ ઘરોમાં દાલ સાથે ગોશ્ત બને છે, તો કોઇના ઘરે દાલ સાથે ------ બને છે. (૨)

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | X | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**✵ આડી તરકીબ :**

૨) અલ્લાહતઆલા, -------- ની ઝબાનને બંધ કરી દે છે કે, જેથી એના ગુનાહ મંજાય. તંદુરસ્તની ઝબાન ઝિયાદહ ચાલે છે. (૩)

૪) મુનાસિબ (બજા) કલામ બોલો કે જેથી બીજાને ફાયદો પહોંચે. નામુનાસિબ - ------- કલામથી વક્ત ઝાયેઅ થાય છે. (૨)

૫) ખૈર કામ કરવાથી હર ------ દૂર થાય છે. શદીદમાં શદીદ આફત તે આખેરતના અઝાબની છે. (૨)

૬) ઈમાનદારના નઝદીક બે ----- છે. એક લાઇન ઈમાનની છે અને બીજી લાઈન અમલે સાલેહની છે. આ બેવે સાથે-સાથે હોવી જોઇએ. (૩)

**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | દા | | |
| | આ | દ | ત | |
| ખા | મી | X | વા | ત |
| | ન | જ | ફ | |
| | | ઝા | | |

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર શવ્વાલુલ મુકર્રમ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે.

**ખાસ તવજ્જોહ:** મિશ્કાતુલ હાદી દીની અખ્બારમાં આ કોલમ લફ્ઝી કશ-મ-કશ ઘણા વક્તથી ચાલે છે. તેમાં અલ્ફાઝને ગોઠવીને જવાબો આપવાના હોય છે. ઘણી વાર મુશ્કિલ હોય છે, તો ઘણા આસાન પણ હોય છે. કારેઈન પોતાની ઝહેની તાકત અને સુલાહીયત મુજબ જવાબો તલાશ કરવામાં મહેનત કરે છે અને કામિયાબ થાય છે. તવજ્જોહ એ ચીઝનો કે, આ કોલમમાં સવાલો ફક્ત સવાલો જ નથી હોતા. જે પઢનાર ગૌરથી સવાલો પઢે છે તેને ખબર હોય છે કે, અકસર સવાલોમાં અપની તારીખ, અકીદા અને રસ્મો રિવાજનું રેફેરન્સ હોય છે. સવાલનો શું જવાબ આવે તે એક જુદી બિના છે મગર સવાલ વાંચીને પણ ઘણું બધું જાણી શકાય છે. લેહાઝા, કારેઈન સવાલોને દિલચસ્પીથી પઢે અને જવાબો ઢુંઢવાની બહેતર કોશિશ કરે. ✯

## દાઈયુલ્લાહિલ અમીન, નાઈબુલ ઈમામિલ મુબીન " વો હે જન્નતી જો તેરા હુવા. "

તૂં રસૂલે પાક કી આલ હે, તૂઝે બેકસોં કા ખયાલ હે, તેરા નામ લેકે બલા ટલી, ન તો રંજ હે ન મલાલ હે.

મેરી ઝોલી ભર દે મુરાદોં સે, મેરે દિલ કા યે હી સવાલ હે, તેરે ફૈઝ સે હે ચમક-દમક, યે અતા કો અબ ન ઝવાલ હે.

તેરા સાયા જિસ કો નસીબ હે, વો બહુત હી ખુશ-ઈકબાલ હે, તેરા નામ વિરદે ઝબાન પર, સિવા ઈસકે જીના મુહાલ હે.

ન બુઝેગી લો, યે ખુદા કસમ, યે તો જલતી એક મશ્આલ હે, વો હે જન્નતી જો તેરા હુવા, તું સિપર હે, તૈગ હે, ઢાલ હે.

જિસે " અલવી " જુસ્તજૂ હે, તેરી, વો અઝલ સે માલામાલ હે. ✯

**ફેમિલી હોય ને ઘરમાં બંદિશ ન રાખવી, તે ઈન્સાન વાસ્તે ખૂબ બુરૂં છે.**

## ઈબરતનાક અહાદીસે બની ઈસરાઈલ – બની ઈસરાઈલની સબકઆમોઝ કહાનીઓ
## કિસ્ત - ૫૨

**સદકો આપવાથી મમ્લેકત મિલે છે.**

કુરઆને કરીમનું દિલ યાસીન છે અને આ મુબારક સૂરતમાં અલ્લાહતઆલાએ નેઅમતોના, બરકતોના અને હિકમતોના ખઝાના મુકેલા છે. આ સૂરતની આખિરી આયત, "ફસુબ્હાનલ્લઝી બેયદેહી મકલૂતો કુલ્લે શયઈન વ એલેયહે તુરજઊન", ના માઅના એ થાય છે કે, તસ્બીહો તકદીસ તેના વાસ્તે છે કે, જેના હાથમાં હર ચીઝનો કબ્ઝો-કાબૂ છે અને હરએક ચીઝનું રૂજૂઅ થાવું, વાપસી થાવી તે રબ્બે કદીર તરફ છે. મખ્લૂક કોઈ પણ હોય, એ તેના ખાલિક તરફ જ પલટે છે. મમ્લૂક કોઈ પણ હોય, એ તેના માલિક તરફ જ જાય છે. માલિકની મિલકીયતમાં તેની મખ્લૂક હોય છે. મમ્લૂક લાખ ચાહે મગર એ માલિકના કબ્ઝામાંથી નિકલી શકતો નથી.

દુનિયાની વાત કરીએ તો લોગોને પોતાની મિલ્કતો પર ખૂબ નાઝ અને તકબ્બુરી હોય છે. મિલ્કતના સબબ કોઈની માલી તાકતનો અંદાઝો લગાવી શકાય છે. મગર દુનિયાની જેમ જ આ મિલ્કતો ફાની છે. તે અલગ-અલગ હાથોમાં જાયા કરે છે. તેના માલિક બદલાતા રહે છે. આના બરખિલાફ ફાની દુનિયાની મિલ્કતો સિવાય એક એવો મુલ્ક છે જે રૂહાની છે. **આ રૂહાની મુલ્ક નૂરથી બનેલો છે.** તેના માલિક મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) છે. હમેં મુમેનીન હમારા મૌલાના મમ્લૂક છે. મૌ. અલી, અમીરૂલ મુમેનીન છે. મૌ. અલીના કબ્ઝા-કાબૂમાં હમારી દુનિયા-આખેરત છે. હમારી હર ચીઝ હમારા માલિક સાથે જોડાયેલી છે. હમેં મૌ. અલી ની હક્કાનીયત પર ઈમાન લાવીને હમારી દૌલતને સદકામાં અતા કરીએ છીએ. આ સદકાના એવઝ અલ્લાહતઆલા હમને મૌ. અલીના મુલ્કની મમ્લેકત અતા કરે છે. આ રૂહાની મલકૂત હમારા વાસ્તે છે, જે હમેશા-હમેશા બાકી રહેનારૂં છે.

બની ઈસરાઈલમાં એક શખ્સ ખૂબ સખી-દિલ હતો. મગર અલ્લાહતઆલાએ એની કિસ્મતમાં તંગદસ્તી, મુફલેસી અને મોહતાજગી લિખી હતી અને કસરતુલ અયાલ-બચરવાલ હતો. જે કઈ મુખ્તસર આમદની થાતી હતી, તે બચ્ચાં પાછલ ખર્ચ થઈ જાતી હતી. ખૂબ જ કરકસર કરીને ઝિંદગી ગુઝારતો હતો. એક દિન એવો આવો કે, ઘરમાં જમવા વાસ્તે કોઈ ચીઝ બાકી ન હતી. લેહાઝા, એની બૈરોએ કહ્યું કે, **" ઘરમાં સુથલીનું એક મોટું પીંડું પડેલું છે. તે કામમાં આવતું નથી, તો તમેં તેને બાઝારમાં વહેંચી દો. "** એ શખ્સે વહેંચ્યું તો તેના બદલામાં બે દિરહમ મિલા.

બે દિરહમ લઈને ઘરની તરફ જાતો હતો કે અચાનક એક નિદા આવી કે, "હું અય્યામોથી ભુખો છું, છે કોઈ અલ્લાહનો બંદો જે મને જમવાના વાસ્તે કરઝે હસન આપે ?" એ શખ્સે સાઈલ પર રહેમ કરીને બે દિરહમમાંથી એક દિરહમ એને આપી દીધો અને બાકીનો એક દિરહમ પોતાના પાસે રાખો. તેનાથી એં એક તાઝી મચ્છી બચ્ચાઓ વાસ્તે ખરીદ કરી લીધી.

ઈત્મિનાને કલ્બ સાથે એ શખ્સ ઘરે ગયો અને બૈરોને તેનાથી તરકારી બનાવવાનું કહ્યું. બૈરોએ જે વક્ત મચ્છીના પેટને ચીરૂં તો એની આઁખો પર એ યકીન ના લાવી શકી. એ શું જોઈ છે કે, મચ્છીના પેટમાં કોઈ ચીઝ બેહદ ચમકી રહી છે. બૈરોએ પુકાર લગાવી અને ઘરના લોગો એ જોયું કે, **આ તો એક ચમકદાર ખૂબસૂરત જૌહર-મોતી છે.** મરદે કહ્યું કે, મારો એક દોસ્ત તાજિર-વેપારી છે અને એને ઝરૂર આ જૌહરની ખબર હશે. તાજિરે કહ્યું કે, "અય દોસ્ત ! આ જૌહર તો લાકીમત છે, અન્મોલ છે. મારા બસની વાત નથી કે, હું તેની કીમત તમને કહી શકું. તમેં બાઝારમાં ફલાઁ મોટા તાજિર પાસે જાવ. શાયદ, એ તમને આ જૌહરની કીમત બતાવી શકસે."

એ શખ્સ મોટા વેપારી પાસે ગયો. જૌહરને જોતા જ કહ્યું કે, "મારી પૂરી ઝિંદગીમાં મૈં આ તરહનું જૌહર

(બકીયાહ પેજ નં. ૧૦ પર)

**બૈરોની પાકી સાથે પરદગી ના હોવી, તે ઈન્સાન વાસ્તે ખૂબ બુરૂં છે.**

(પેજ નં. ૯ નું બાકી)

જોયું નથી. અપના શહેરમાં ફલાઁ જૌહરી જ આની કીમત આંકી શકશે." આખિરકાર જૌહરી પાસે એ જૌહર લઇ ગયો. જૌહરી તે જૌહરને જોઇને તઅજ્જુબમાં પડી ગયો અને કહ્યું કે, "અય શખ્સ ! આ જૌહર તુંને કહાઁથી હાસિલ થયું ! આ તો ખૂબ જ કીમતી મોતી છે. શાયદ કે, **તેની કીમત તુંને કોઇ બાદશાહ જ અદા કરી શકશે.** મારા હિસાબે અપના શહેરના બાદશાહની બાદશાહતનો અડધો હિસ્સો આ જૌહરના એવઝમાં તુંને મિલી શકે છે."

એ શખ્સ સાચવીને જૌહરને ઘરે લઇ ગયો. બીજે દિન સવારે બાદશાહની હઝરતમાં પૈશ થયો. એના સાથે મચ્છીનો જે વાકેઓ ગુઝરો હતો તે બયાન કીધો. બાદશાહએ તે જૌહરને હાથમાં લઇને તફતીશ કીધી અને તેને ચુમી લીધો. કહ્યું કે, "અય સાહેબે જૌહર ! હું તારા સદકા કરવાના અમલથી ખૂબ ખુશ થયો. તારા અમલ સામે આ જૌહરની કીમત ખૂબ કમ છે. મગર મને આ જૌહર તારાથી ખરીદવો છે. લે, તારા જૌહરના એવઝમાં હું તુને મારી અડધી મમ્લેકતની કીમત અદા કરૂં છું."

એ શખ્સ ખુશી-ખુશી ઘરે ગયો. પૂરો માજરો એના બૈરોને કહી સંભલાવો. અલ્લાહની બારગાહમાં તસ્બીહો તહેલીલ કીધી. પૂરી મમ્લેકતમાં એની ઇઝ્ઝત ઔજ પર ચાલી ગઇ. **શહેરના રઇસો અને દૌલતમંદોમાં એનો શુમાર થાવા લાગો.** મગર એના મિઝાજમાંથી ઇન્કેસારી ના ગઇ. એના અખ્લાક પહેલા મુજબ જ પાકીઝા રહ્યા. એ એના દિન-રાત ઈબાદતે ઈલાહીમાં પહેલા મુજબ જ ગુઝરતા હતા.

થોડા અય્યામ બાદ એક રાતે એ સાહેબે જૌહરના ઘર પર હાતિફે નિદા આપી કે, "અય પરહેઝગાર શખ્સ ! અલ્લાહતઆલા અને તેના મલકૂતના હઝાર-હઝાર સલામ તારા ઉપર કે, તુંને તારા મુખ્તસર રિઝક-રોઝી માંથી અલ્લાહની રાહમાં એક દિરહમ કરઝે હસન એક સાઇલને ઇનાયત કીધો. તેના એવઝમાં તુંને ૧૦,૦૦૦ દિરહમની બરકત અતા કરવામાં આવશે. તે ૧૦,૦૦૦ માંથી બીજા ૧૦,૦૦૦ દિરહમના દરવાઝા ખોલી દેવામાં આવશે. યહાઁ આ દુનિયામાં તુંને જે એવઝ અડધી મમ્લેકતનો મિલો છે, તે તો ફક્ત આ બરકતનો એક જ હિસ્સો છે. **બાકીની બરકત અને જઝા અલ્લાહતઆલાએ તારા વાસ્તે આખેરતમાં મહેફૂઝ રાખી છે.** આખેરતમાં તુંને તારા મૌલાના હાથ પર તે બાકીની બરકત અતા થાશે."

આ છે સદકા અને કરઝે હસનની બરકત. મગર શરત એ છે કે, આ અમલ કરતા પહેલા ઝમાનાના હક્કના સાહેબની માઅરેફત હોવી લાઝિમી છે. શરીઅતના તમામ ખૈર અમલ પર આ માઅરેફત મુહીત છે, ભારી છે અને સરદાર છે. ✯

(પેજ નં. ૨ નું બાકી)

આ દોઆ પૂરી થઇ નથી કે, એક બાકમાલ બૈરો ઊંટણી પર તેની ખૂબસૂરત છત્રીમાં બેસા હુવા ઝાહિર થાય છે. મૈં અને એ ઝઇફાએ સલામ પઢો અને એ સૈયેદહ બૈરો હમારા બેવેથી ખૂબ નરમ લહેજામાં મુખાતિબ થયા. કહ્યું કે, **"અય ઝઇફા ! આવો આ મારી ઊંટણી પર સવાર થાવ."** મૈં જોયું કે, એ બેવેને લઇને ઊંટણી મક્કાની તરફ શિતાબીથી ગાઇબ થઇ ગઇ. હું પણ થોડા અય્યામમાં મક્કા પહોંચો. કાઅબતુલ્લાહના હરમે પાકમાં મૈં એ બૈરોને તવાફ દેતા જોયા. એં મને ફૌરન પહેચાની લીધા. હમેં બેવેએ તવાફથી ફારિગ થઇને એક જગા પર સાથે બેસીને જમન જમા. મૈં ઝઇફાને પૂછું કે, હું ખુદાના કસમ દઇને તમને પૂછું છું કે, તમેં કૌન છો ? તમને જે સૈયેદહ બૈરો મક્કા લઇને આવા તે કૌન હતા ?

બૈરોએ જવાબ દીધો કે, સૈયેદહ બૈરો માઁ ફાતેમા ઝહરા (અ.સ.) હતા જે મારી મદદે આવા હતા અને હું એમની લોંડી ફિઝ્ઝાની દીકરીની દીકરી છું. અલ્લાહતઆલા, દિલથી દોઆ કરનારની દોઆને રદ કરતા નથી. દોઆને કુબૂલ કરીને હર હાલમાં એની મદદ કરે છે. ✯

**માઁ હોય ને દીકરીને ઘરની અદબો ના શીખાવવું, તે ઈન્સાન વાસ્તે ખૂબ બુરૂં છે.**

## મૌ. યાઅકૂબ નબી અને મૌ. યૂસુફ નબી ની વફાત – કિસ્ત - ૧

અખ્બારના કિતાબમાં મન્કૂલ છે કે, મૌ. યાઅકૂબ નબી ફલસ્તીન થી મિસિર આવા તે બાદ ૨૪ સાલ તક ઝિંદા રહ્યા. આ મુદ્દતમાં આપ ખુશહાલ, સલામત બા-કરામત હતા. જયારે આપની રહેલતનો વક્ત કરીબ થયો તો આપે આપના શાહઝાદા મૌ. યૂસુફ નબીને પાસે બોલાવીને વસીયત કીધી કે, મને બૈતુલ મકદિસ (મુકદસ) માં મારા બાવાજી સાહેબ મૌ. ઈસ્હાક અને દાદાજી સાહેબ મૌ. ઈબ્રાહીમ નબીના પાસે દફનાવજો.

મૌ. યૂસુફે વસીયત મુજબ અમલ કીધો. આપના બાવાજીના લાશા મુબારકહ ને લાકડાની એક પેટીમાં મુકી બૈતુલ મકદિસ લઈ ગયા. આપના સાથે આપના ભાઈઓ તેમજ મિસિરના સરદારો સફર પર જોડાયા. આપના બાવાજીની ઉમ્રરસીદગી અને ખૂબ બુઝુર્ગી હતી. આપ સરદારે કૌમ અને નબીએ બા-શરાફત હોવાના સબબ ખૂબ મશ્હૂરો માઅરૂફ હતા.

એક રિવાયત મુજબ એમ બયાન છે કે, મૌ. યાઅકૂબના બાદ મૌ. યૂસુફ ૨૩ સાલ તક ઝિંદા રહ્યા અને ૧૨૦ સાલની ઉંમરે આપ મિસિરમાં રહેલત ફરમાવી ગયા. વક્તે રહેલત આપે બની ઈસરાઈલના ૮૦ સરદારોને યાદ ફરમાવા અને વસીયતો કીધી. બની ઈસરાઈલ તરફથી અરઝ કરવામાં આવી કે, **" અય ખુદાના નબી, આપના બાદ હમારો શું હાલ થાશે ? દુનિયામાં આપના બગૈર હમેં કેમ રહીશું ? "**

મૌ. યૂસુફે કૌમની તરફ રોશન નિગાહ કરીને ફરમાવું કે, અય મારી કૌમ ના નૈક બંદાઓ, તમેં તમારા દીન પર ચાલતા હશો એટલામાં એક ઝાલિમ શખ્સ ઊભો થાશે અને એ તમારા ઉપર બેહદ ઝુલ્મો તશદ્દુદ કરશે. તમારા બચ્ચાઓને કત્લ કરશે, બૈરોની ઈઝ્ઝતને ઠેસ પહોંચાવશે, તમારા માલ-મિલ્કીયતને લૂટશે. એક મુદ્દત તક એનો ઝુલ્મ ચાલું રહેશે અને પછી લુવય બિન યાઅકૂબની આલ માંથી ઈમરાનના દિકરા મૌ.મૂસા દુનિયામાં પધારશે. તેમના હાથ પર તમારા સઘલાનો છુટકારો થાશે. તમેં એ ઝાલિમની ફિત્નતથી આઝાદ થાશો.

મૌ. યૂસુફ નબીના આ કલામ સાંભલીને, પેશીનગોઈથી આગાહ થઈને બની ઈસરાઈલ પોતાના ઘરોમાં પૈદા થાનાર ફરઝંદોનું નામ બરકત લેવા વાસ્તે મૂસા રાખવા લાગા. ✯

## તસ્વીર મુબારક

કારેઈનને ઈલ્મ થાય કે, મિશ્કાતુલ હાદીના આ શુમારા સાથે, હમેં હમારા ૩૧માં દાઈએ મુત્લક, હાદીએ અન્વર, સિરાજુમ્મુનીર, હબ્લુલ્લાહિલ મતીન, ૨૫માં દાઈએ મુત્લક સૈયદના ફખરૂદ્દીન જલાલ સાહેબ (આ.કુ.) ના પર-પોતા, સૈયેદના વ મૌલાના હસન બદરૂદ્દીન બિન સૈ. વલી બિન સૈ. અજબ (આ.કુ.) ના રૌઝહ મુબારકહની નૂરાની તસ્વીર શાયેઅ કરીએ છીએ. આપે ૪૩ સાલ તક મસ્નદે તૈયેબી પર જલ્વાઅફરોઝ રહીને દાઅવતે હક્કની ખિદમત બજા લાવી છે.

આ મુદ્દત દરમિયાન દાઅવતે હક્કના મુમેનીન પર તરહ-તરહના ઝુલ્મ, હમલાત, તશદ્દુદ કરવામાં આવા છે. આપે આ તમામનો સામનો કરીને મુમેનીન ની હિફાઝત કીધી છે, સાચવા છે. **આપે ટાંકામાં રહીને હમારી હક્કાનીયતને હુકૂમત સામે ઝાહિર કીધી છે અને બાતિલ-પરસ્તોની કમર તોડી છે.** આપે હર તરહની જેહાદ કરીને દીને હક્કના અરકાન અને અકીદાને સલામત રાખા છે. આપે વડોદરા શહેરને દારૂલ હિજરત મુકર્રર કીધું છે. આપની જ બદૌલત આજે હમારી જમાઅતે અલવીયહ નાજીયહ વતને માદરે સૈ.અલી સાહેબ (આ.કુ.) ની મુબારક સરઝમીન શહેરે વડોદરામાં આબાદ-શાદ, સુકૂનપિઝીર અને તરક્કી-યાફતા છે.

આપના રૌઝહ બદરીયહ મુમેનીન-મુખ્લેસીન વાસ્તે જોએ વાસ્તા અને નેઅમુલ વસીલહ છે. શબો રૌઝ (બકીયાહ પેજ નં. ૧૩ પર)

**રાહત વધારે આવવાથી ઈબાદતમાં કમી આવવી, તે ઈન્સાન વાસ્તે ખૂબ બુરૂં છે.**

## આજનો દિવસ

અલ્લાહતઆલાએ આ દુનિયાની પૈદાઈશને સાથે ઈન્સાન વાસ્તે રાત અને દિવસની નેઅમત મુકેલી છે. રાતને સુકૂનવાલી કીધેલી છે તો દિવસમાં રોઝી અને મઆશ વાસ્તે ઝરીઆ બનાવેલા છે. રોઝ ફજર થાય છે અને તમને તમારા ખાલિક તરફથી એક નિરાલી ભેટ મીલે છે, એ છેઃ નવો દિવસ, પૂરો કોરોકટ દિવસ. તેને કેમ વાપરવો એ તમારી મરઝીની વાત છે. તેને સારા તૌરથી જીવવો કે પછી બીગાડી નાખવો એ બધુ તમારા હાથની વાત છે. મોટા ભાગના લોગો તેનો ગૈરઈસ્તેમાલ એ રીતે કરે છે કે, તેઓ નવા દિવસે પણ વિચારતા હોય છેઃ

**૧. મેં ગઇકાલે જે કામ કીધું તે મને કરવું જોઇતું ન હતું.**

**૨. આવતી કાલે મેં આ કામ કેમ કરીશ.**

મુખ્તસરમાં, ગઈકાલે કોઈ ભુલ કે ગફલત કરી નાખી હતી, તે બાબત આજે ખૂંચા કરે છે. મને એ વાતના લીધે કોઈ ચૈન પડતું નથી અને એમાંને એમા હું આજનો દિવસ ઝાયેઅ કરી નાખું છું. નતીજા રૂએ મને આનાથી કઈ ફાયદો થાય છે ખરો? નહીં જ. સબબ સાફ છે. હું ગમે તેવા ધમપછાડા કરૂં તો પણ એ મારી ગઈકાલની ભુલને સુધારી શકવાનો નથી. સબબ? મને ગઈકાલ પાછી જીવવાનો કોઈ જ અવસર મીલવાનો નથી. બીજા અલ્ફાઝમાં કહું તો જે બાબત મુમ્કિન જ નથી, તેનો સતત ખયાલ કરવામાં હું હાલનો વક્ત વાપરી નાખું છું. આમ, જે વક્તને હું ખૈર ઈસ્તેમાલ કરી શકું તેને નામુમ્કિન કામોમાં અને ખોટા ખયાલોમાં ગુમાવી નાંખુ છું. સબબ? માઝીમાં જે બની ગયું હોય તે તો ખુદ ખુદા પણ સુધારી શકતો નથી, તો એને દિમાગમાં ઘૂંટ ઘૂંટ કરવાથી તેની તાકત ઝાયેઅ જાય છે, ને તેનાથી બિલઆખિર ફાયદો થતો નથી.

આ તો ઠીક, બાઝ લોગો તો એવા છે જે આજના દિવસને બીજા તૌર પર ગુઝારે છે. જેમકે **"હવે મારૂં શું થાશે? "** આ જ ફિકરમાં કીમતી વક્ત ગુઝારી દે છે. યા, પોતાના કામ અને તબીઅત મુજબ **"બનાવ બને તો કેવું સારૂં થાય "** એની ઈન્તેઝારીમાં વક્ત ખોઇ નાંખે છે. મુસ્તકબિલમાં કયા બનાવો બનવાના છે તે કોઈ કહી શકતું નથી, પણ એવા તસવ્વુરમાં રહે કે ખુદને જે પસંદ છે તેવા બનાવો બને જ યા બનશે જ એવા શેખચલ્લી જેવા વિચારો પર બધું ધ્યાન જમાવતા હોય છે. આવતીકાલે તો શું મગર આજના દિવસમાં શું શું બની શકે તેનો ઝર્રા બરાબર પણ કિયાસ કોઈ કરી શકતું નથી. છતાં પોતાને ગમે તેવા જ બનાવો બને તેવા વિચારમાં ફીરા કરે છે, ને તે રીતે આજનો દિવસ ખોટા કામમાં વાપરી નાંખે છે.

તમેં કોઈ વક્ત ગઈકાલનો દિવસ આજે જીવી શકો એવું બનું છે? નથી ને. ગઈકાલ એ હાથમાંથી "ગઈ", આવતી કાલ હજી "આવી" નથી, તો પછી હાથમાં રહ્યું શું? આજનો દિવસ, જે તમારા કન્ટ્રોલમાં છે. જે વક્ત ગુઝરી ચુકો અને જે વક્ત આવો નથી તેનાથી કોઈ ચીઝની ઊમ્મીદ ઝીરો છે.

તમેં આજના દિવસને આજના કામકાજ સુધી લીમીટેડ રાખો. તમેં આજે શું કરવા ચાહો છો તેનું "ટાઈમ ટેબલ" ફજરમાં જ ગોઠવી દો. ને જો તમેં તેમ  ન કરો તો આજનો દિવસ રદી કાગઝ જેમ ગીનાશે; તે થોડા જ કલાકોમાં "ગઈકાલ" બની જાવાનો છે, જે તમને કોઈ જ કામ નહીં લાગી શકે. તમેં જીવી શકો એવો એક જ દિવસ છે, તે છે : આજનો દિવસ. ☆

**"The ugly shadow of yesterday ..... Don't let it spoil your today**
**Go, get it! what you wish ..... Make your everyday a good day."**

---

**Yesterday is a history, ..... Tomorrow is a mystery,**
**Today is a gift that's why it is called "present."**

**સખી ઘરમાં મોહતાજગી આવવી, તે ઈન્સાન વાસ્તે ખૂબ બુરૂં છે.**

## ૪૧ માં દાઈએ મુત્લક સૈ. ફખરૂદ્દીન સાહેબ (આ.કુ.) અને આપના ૬ ફરઝંદો

આપ મૌલા, ૪૦ માં દાઈએ મુત્લક સૈ. અમીરૂદ્દીન સાહેબ (આ.કુ.) ના ફરઝંદે અરજુમંદ છે. આપ ૨૬ સાલની કલીલ ઉંમરમાં ૧૨૯૬ હિ. માં દાઅવતે હક્કના મસ્નદે તૈયેબી પર જલ્વાઅફરોઝ થયા. આપની દાઅવતની મુદ્દત ૫૧ સાલની છે અને આપ ૧૩૪૭ હિ. માં રહેલત ફરમાવી ગયા. આપનું અઝીમમાં અઝીમ ઈલ્મી કારનામું તે આપનું મુન્ફરદ અને બેનઝીર દીવાન, **"દીવાને હસીન"** છે, જેની અબ્યાત આજે પણ દાઅવતે શરીફહની મહેફિલો મજલિસમાં ગુંજે છે. મુમેનીન-મુખ્લેસીન તેનાથી નસીહતયાદ થાય છે.

આપ મૌલાના દીવાનની તસ્નીફ-તરતીબના સાથે-સાથે આપે આપના ૬ ફરઝંદોની તાઅલીમો તરબીયત પણ આઅલા-પૈમાનાની કીધેલી છે. ફખરી ખાનદાન ઘણું જ મોટું અને વસીઅ છે. આ શજરહ મુબારકહના રઈસ આપ મૌલા છે. આ ૬ ફરઝંદોમાં તમામ કરતા મોટા ૪૨ માં દાઈએ મુત્લક સૈ. બદરૂદ્દીન સાહેબ (આ.કુ.) છે અને તમામ કરતા નાના ભા.સા. અબ્દુલહુસૈનભાઈ છે. બીજા બાકીના ૪ ફરઝંદો ભા.સા. ઈબ્રાહીમભાઈ, ભા.સા. નજમુદ્દીનભાઈ, ભા.સા. હુસામુદ્દીનભાઈ અને ભા.સા. હમીદુદ્દીનભાઈ છે. **આ તમામ અરબી-ફારસી-ઉર્દુ ઝબાનના એક્કા હતા.**

આપના ફરઝંદોમાં બીજી ખૂબી એ હતી કે, તમામે તમામ જમાઅતના બચ્ચાઓ અને જવાનોની તાઅલીમ અને મદ્રસા સાથે જોડાયેલા હતા. મદ્રસો ચલાવવાના સાથે આ સાહેબો ઉસ્તાદની હૈસીયતથી ઈલ્મી ખિદમત પણ બજા લાવતા હતા. **હરએકના અલાહેદા-અલાહેદા તાલિબે ઇલ્મોના ગિરોહ હતા, ગ્રુપ હતા.** ઈલ્મીયતની નહેર અને લહેર જમાઅતમાં ફરઝંદાને ફખરીથી શુરૂ થઈ હતી. તેના સબબ અરબીયત અને અદબનો ઊરૂજ હતો. આપ મૌલા ઝબાને ફારસીમાં યૌમે આશુરાનું મકતલનામું પઢતા હતા અને મુમેનીન તે મુજબ સમઝતા પણ હતા.

આપ મૌલાના ફરઝંદોએ દાઅવતે હક્કના કિતાબો નકલ કીધેલા છે. નવા બનાવેલા છે. એમની અરબી કિતાબત કરવામાં ખૂબ મહારત હતી. આજે દાઅવતે શરીફહનો ખઝાનો તેની શાહિદી આપી રહ્યો છે. પઢાઈના ઝૌકો શૌક રાખનાર મુમેનીન, તે ઝમાનામાં આ સાહેબો પાસે દોઆઓ અને નિસ્ફિલ્લૈલની હફતીઓ લખાવતા હતા. તે વક્તમાં પ્રિન્ટીંગનો કોઈ તસવ્વુર ન હતો. હાથથી લખેલી તે હફતીઓ આજે હમારા વાસ્તે ખૂબ કીમતી અને લાસાની ઈલ્મી સરમાયો છે. ✯

---

(પેજ નં. ૧૧ નું બાકી)

નૂરાની ફરિશ્તાઓથી તે પુર હોય છે, જેઓ આપ મૌલાની ખિદમતમાં પૈશ-પૈશ રહે છે. આ નૂર આપના દુશ્મનોની આઁખમાં કાંટા જેમ ચુભે છે અને અપની દાઅવતને નુકસાન પહોંચાવવા હર દિન નવી-નવી સાઝિશો રચે છે. હક્ક તે હક્ક છે. હક્કતઆલા તેની દાઅવતની હિફાઝત કરનાર છે. **આ દાઅવત કેયામત સાથે જોડાયેલી છે.** દાઅવતનો દુશ્મન એ મૌ. આદમ નબીથી કેયામત તક જે સાહેબે હક્ક થયા, છે અને થાશે, એ તમામનો દુશ્મન છે. ફિરઔન, હામાન, કારૂન વગૈરહ ઈબ્લીસોનો જે હાલે બદ થયો તે દાઅવતના દુશ્મનોનો થાશે. એક મોહલત બાદ તમામની હસ્તી, નૈસ્તીમાં બદલાઈ જાશે, વાસિલે નારે સકર થાશે અને ફના ફિલ્લાહ થાશે.

આ તસ્વીરે નૂરાનીમાં આપ મૌલાના રૌઝહ શરીફહ છે. તે સાથે આકા મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.), હુદૂદ, ઝાએરીન-મુમેનીન આપની કબરે અન્વર પર મુખ્તલિફ સાલોમાં પધારા અને મજલિસે ઉર્સ મુન્અકિદ કીધી, તેની યાદો પણ શામિલ કરવામાં આવી છે. મુમેનીન આ તસ્વીરથી પોતાના ઘરોને ઝીનતદાર કરે અને તેનાથી બરકતોનો હુસૂલ કરે. ✯

**ઈબાદતગુઝાર ઘરમાં બુરી ઔલાદનું હોવું, તે ઈન્સાન વાસ્તે ખૂબ બુરૂં છે.**

## નસીહતે ખાસ્સહ

આયા મહે સિયામ કા એક્કીસવાઁ યે દિન,
મુશકિલકુશા કે ઘર પે અયાઁ હે ગમો મહેન,
તલવાર ઝહેરી ખાને સે જી હો ગયા નિઢાલ,
કરને લગે વસીયતેં વો શાહે ઝુલ-મેનન,
કલેમા શહાદત પઢને લગે પહેલે મુરતઝા,
ફરમાયા સબકો કલેમા કો રખના લબે દહેન,
કલેમા કો પઢને સે હો ખુદા તુમ પે મહેરબાન,
બરકત સે ઉસકે સીધે રહે ચાલ ઔર ચલન,
સલવાત સે કરીં હું નહીં હું નબી સે દૂર,
અહમદ સે મૈં જુદા હું, હમ એક નૂર હે, દો તન,
અહમદ કા મૈં વસી હું ઔર અહમદ કા જાઁનશીન,
મેરી વલા સે તાઝા હૈ ઈસ્લામ કા ચમન,
મેરી વલા સે હશ્ર તલક તુમકો ગમ નહીં,
કાઈમ ઈમામ ભી હે મેરા હી વો ગુલ બદન,
અહમદ કે અકરૂબા કી મોહબ્બત હુઈ હે ફર્ઝ,
કીજીઓ ઈતાઅત ઉસકી ગુલામાને પંજતન,
અસ્હાબ સે ફરમાયા કે મુખાતિબ હુએ હુઝૂર,
કરના લિબાસે તકવા સે તુમ અપને ઝૈબે તન,
વલ્લાહ નમાઝો રૌઝા સબ કામ મેં બહેતર,
આઅમાલે સાલેહાત સે હે હાસિલ જિનાઁ વતન,
રાહે ખુદા મેં દેને સે હોતા સવાબ હે,
બઢતી હે મિલ્કીયત યે સખીયોં કા હે ચલન,
તાહેર બનો તહૂર સે જાઈઝ નમાઝ હે,
પાકીઝગી સે રખના તુમ આઈના સા બદન,
તાહેર સે દૂર રહેતા હે શયતાન બેગુમાન,
નાપાકીઓ સે હોતા હે શયતાઁ કા તુમ પે મન,
પઢના નમાઝ દીન કા પાયા હે મુમિનો,
ઈસ સે તુમ્હારે દીન કી હે ઝૈબ ઔર ઝૈન.
અફઝલ નમાઝ ઝોહર કી હે અંબિયાઓ કી,
કરના કઝા નમાઝ ના તુમ બહેરે પંજતન,
વલ્લાહ ઝકાત દેને સે મકબૂલ હે નમાઝ,
ઔર અપને માલ કી હે યહીં ઢાલ મુત્મઈન,
રમઝાન કે મહીને કે રૌઝે કિયે હૈં ફર્ઝ,
કરના બરાબર ફર્ઝ અદા મર્દ ઔર ઝન,
રહેમત ઔર મગફેરત ઔર નજાતી હુસૂલ હો,
અમરાઝ તન સે દૂર હો દૌઝખ સે હો અમન,
હક્ક કે ઈમામ કે ના તુમ દામાન છોડના,
હક્ક કે ઈમામ સિબ્તે નબી સરવરે ઝમન,
કરના જેહાદ હક્ક કે ઈમામો કે સાથ તુમ,
રહેમત નિસાર કરતા હે ખલ્લાકે ઝુલ મેનન,
પાસ અપને ફિર બુલાયા હસન ઔર હુસૈન કો,
ફરમાયા સુન લો આખિરી બાબા કા યે સુખન,
આઅમાલે સાલેહાત કો તુમ કરના હમેશા,
ખુશ હો ખુદા રસૂલ ચલો નેક જબ ચલન,
આઅમાલ સે નતીજા સુધરતા હે દિલબરો,
રહેમત નુઝૂલ હોતી હે દિલ હોતા હે ચમન,
મત કરના ફખર નાના તુમ્હારે રસૂલ હૈં,
માઁ ફાતેમા હે ખાતુને જન્નત સી ગુલ બદન,
બાબા હમારે સાકીએ કૌસર હૈં મુરતઝા,
ઔર હમકો ભી ખુદાને કિયા હે શહે ઝમન,
શાહી ન ઝર-ઝમીન તુમ્હેં કામ આયેંગે,
આઅમાલે સાલેહા સે સઁવારો તુમ જાનો તન,
લિખતા હું અબ મૈં બદ-ચલની કી યે દાસ્તાન,
સુનને કો ગૌર સે કરો હાઝિર યહાઁ ઝહેન,
બદ દો અમલ યઝીદ કે દેખે હુસૈન ને,
કરના ઝિના, શરાબ કો દેખા લબે દહન,
લાઅનત પઢી યઝીદ પે આકા હુસૈન ને,
મૂઁહ ફેરા તબ હુસૈન ને યે દેખકર ચલન,
બયઅત ન કી કુબૂલ, લઈ સે જેહાદ કી,
સર કો કટા કે અપના કુચલવા દીયા બદન,
આકા પે રોનેવાલો ન કરના બુરા અમલ,
બચના ઝિના કે ફેઅલ સે ઈમાઁ કે મરદો ઝન,
વલ્લાહ શરાબ પીના બુરા સબ સે હે અમલ,
ખારિજ દિમાગ હોતા હે કમ્ઝોર હો બદન,
**(બકીયાહ પેજ નં. ૧૫ પર)**

**દૌલતમંદ હોવાના સાથે હસદ કરવો, તે ઈન્સાન વાસ્તે ખૂબ બુરૂં છે.**

(પેજ નં. ૧૪ નું બાકી)

પીકર શરાબ બંદે ને કુરઆં જલા દીયા,
ઝાની ભી બન ગાયા યે શરાબી કા હે ચલન,
ઝાની ઔર ઝાનીયહ કો ખુદાને કિયા અઝાબ,
દૌઝખ કો ખોલ દી કિયા ઉનકા સિયાહ બદન,
ગીબત ના કરના ઈસ મેં હે અલ્લાહ કા અઝાબ,
ગીબત કો કર કે ખાઓ ના મુરદાર કા જમન,
અફઆલે બદ મેં કિઝબ ભી હે તુર્રએ અઝાબ,
વલ્લાહ જૂઠ મેં હે બુરાઈ કા સબ હી ફન,
કુરઆન મેં ખુદા કી હે લાઅનત લિખી હુઈ,
બોલો ના જૂઠ તુમ પે ના લાઅનત કી હો ઝરન,
અય જન્નતીયોં ગર ચે હો જન્નત કી આરઝૂ,
અફઆલે બદ કો છોડ દો તુમ બહેરે પંજતન,
ઝાકિરઅલી કર ખત્મ નસીહત કે અબ કલામ,
મોતી રતન સે બઢ ગએ હયદર કે સબ સખુન. ✩

## નમાઝ

રબ્બુસ્સમાઁ સે હોતી હૈ કુરબત નમાઝ મેં,
અફલાક સે બરસતી હૈ રહેમત નમાઝ મેં.
હોતા હૈ બંદા ખાલિકે કૌનેન સે કરીબ,
કરતા હૈ બંદા જિસ ઘડી સજદા નમાઝ મેં.
પઢતેં રહો નમાઝ હમેશા અય મુમિનોં,
ઈસ્લામ મેં ન આઇ હૈ રૂખ્સત નમાઝ મેં.
જાઇઝ નહીં નમાઝ તહારત અગર નહીં,
વાજિબ હૈ કર લો પહેલે તહારત નમાઝ મેં.
હોતા હૈ બોઝ ઉન પે જો પઢતેં નહીં નમાઝ,
ખૌફે ખુદા હો દિલ મેં તો રાહત નમાઝ મેં.
પઢતેં હૈ પાઁચ ફર્ઝ હમેશા નમાઝ જો,
પૂછો તો ઉનસે કૈસી હૈ લઝ્ઝત નમાઝ મેં.
કરતી હૈ ફર્ક મુમિનો કાફિર કે દરમિયાઁ,
આઇ હૈ ઈસ તરહ સે રિવાયત નમાઝ મેં.
સમઝાઓ સમઝે ક્યા કોઇ હુરમત નમાઝ કી,
મીલતી હૈ દો જહાઁ કી સઆદત નમાઝ મેં. ✩


## તિજારત

યા અલી મદદ
" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "
**ભાઈસાહેબ ઈબ્રાહીમ**
**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.
**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**
**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩** ✩

**ફેન્સી અને મેચીંગ દુપટ્ટા સેન્ટર**
**" ઝૈબાઈશ "**
બી-૧૨, ગાયકવાડ પ્લાઝા, અલ્માસ માર્કેટ સામે,
પાણીગેટ, વડોદરા.
**નઝીરઅલી ભાઇસાહેબ - મો.: ૯૯૭૪૧૫૭૫૬૬** ✩

**એ-વન બ્યુટી પાર્લર**
**આઇબ્રો, ફેશીયલ, બ્લીચ, હેર કલર, હેર સ્પા, ક્લીન અપ, બોડી મસાજ, હેર મસાજ, નોર્મલ મેકઅપ, હેર સ્મુથીંગ, હાઇલાઇટ, બ્રાઇડલ મેકઅપ, મેની ક્યોર, પેડી ક્યોર.**
૬, અલી ચેમ્બર નં. ૧, તૈયબી મસ્જીદ પાછળ,
રામપાર્ક, આજવા રોડ, વડોદરા.
**સકીનાબેન - મો.: ૮૧૬૦૯૦૫૦૮૦** ✩


## ઝાલિમની ત્રણ નિશાની છે

(૧) તે પોતાના માલિકની નાફરમાની કરીને તેના પર ઝુલ્મ કરે છે.
(૨) તે પોતાના ઝેરે દસ્ત લોકો પર ગલબો કરીને તેના પર ઝુલ્મ કરે છે.
(૩) તે સિતમગારોને મદદ કરીને ઝુલ્મ કરે છે.

**આલીશાન ઘરના સાથે તેમાં તિલાવતે કુરઆનનો આવાઝ ના ગુંજવો, તે ઈન્સાન વાસ્તે ખૂબ બુરૂં છે.**

**જમવાના સાથે જમનને ઝાયેઅ કરવું, તે ઈન્સાન વાસ્તે ખૂબ બુરૂં છે.**

**તાલીમયાફ્તા ઔલાદનું માઁ-બાવાજીને તરછોડવું, તે ઈન્સાન વાસ્તે ખૂબ બુરૂં છે.**

## મેરે કહે સુને કો દિલ સે મુઆફ કરના
## ઈદુલ ફિત્ર મુબારક

અય મુમેનીં સુનાઉં મૈં ઈદ કા તરાના,
મૌકા હે યે ખુશી કા, મૌસમ ભી હે સુહાના,
દેતા હું તહેનીયત મૈં ઈદુલ ફિતર કી સબકો,
મેરે કહે સુને કો દિલ સે મુઆફ કરના,
યા રબ, રહે સલામત દાઈઝઝમાઁ હમારે,
હે લબ પે મુમિનોં કે કલમા યે મુખ્લેસાના,
ઐસી હઝાર ઈદેં મૌલા તુમ્હે મુબારક,
બાદ અઝ સલામ મુઝદા બાદે સબા સુનાના,
યે અલવી ગુલિસ્તાઁ કે હૈં બાગબાન હાતિમ,
ઝૈરે નિગાહ ઈન્હીં કે હે યે ચમન સજાના,
નૂરે ઈમામ દેખે હર દિલ કી હે તમન્ના,
શૈદાઈ આપકા હે અપના હો યા બૈગાના,
ઈમાન કે ગુલોં સે ગુલશન કો હમ સજાયેં,
ઈન્હીં અકીદતો કે ફલ-ફૂલ હે લગાના,
નફરત કા તુખ્મ બઢકર કહીં પેડ બન ન જાયે,
ઉલ્ફત કી સરઝમીં સે ઉસકો હે અબ ગિરાના,
મૌલા ઝકી સલામત હર વક્ત હો ખુદાયા,
મુમિન કી ઈસ દોઆ કો અબ તું કુબૂલ કરના. ✯

**જમાઅતના મુમેનીન મુખ્લેસીનને ઈદુલ ફિતર યાઅની ઈદુન્નેઅમત મુબારક થાય. આ તહેનીયત તે બેશુમાર નેઅમતોં જે અલ્લાહતઆલાએ ઈમાનો ઈસ્લામના સાયામાં મુમેનીનને આપેલી છે, તેની શુક્રગુઝારી વાસ્તે છે. અલ્લાહતઆલા સબર, શુક્ર અને યકીનની નેઅમતને હમેશા અહલે ઈમાનમાં બાકી રાખે, આમીન.** ✯

## “ યારો ”

તુમ્હારે હાથ મેં દામન હે અપની કૌમ કા યારો,
હિફાઝત ઈસકી કરના ઔર તુમ કરના વફા યારો.
બહુત સારોં કી નઝરે બદ હે તુમ પર યે સમઝ લેના,
તુમ ઈશ્કે મુરતઝા સે રોકના કુફ્રો દગા યારો.
“ હમ અલવી હૈં ” યે કહેના હે નહીં કાફી નહીં માઅકૂલ,
કહાઁ કરતેં હૈં વો સજદે યે દેખો તુમ ઝરા યારો.
જો બિગડે ફલ હૈં ઉનસે તૈઝ બદબૂ આતી હે બેશક,
જો બદબૂદાર હૈં દૂર ઉનસે તુમ રહેના સદા યારો.
જમાઅત કી તરક્કી કે બહુત સે કામ કરનેં હૈં,
ચલો તુમ સાથ મિલકર હોસલે સે દિલ ભરા યારો.
હે કિસ્મત ઉનકી ફૂટી જો નહીં કર સકતેં હૈં ખિદમત,
વો હે મહેરૂમ ફૈઝે રબ સે ઉનકી હે ખતા યારો.
ખુદા રખ્ખે સલામત બા-કરામત અપને મૌલા કો,
યે અન્વર કી કલમ સે ઔર ઝબાઁ સે હે દોઆ યારો. ✯

**નોંધ : મિશકાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ✯

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન “ અસ-સહીફતુત તૈયેબીયાહ ” ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.